નં:-જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/
વિતરણ/પોલીસી/૭૭/૪૪
જી.આઈ.ડી.સી, વડી કચેરી, ઉદ્યોગ ભવન, ગાંધીનગર.
તા૨૨-૧૧-૨૦૧૦.

**:-પ રિ પ ત્ર-:**

વિષય:- **નિગમની વસાહતોમાં મિલકતોની હરાજી વખતે પાયાની કિંમત નકકી કરવા બાબત.**

નિગમની કેટલીક વસાહતોને પુર્ણવિકસિત વસાહત તરીકે ઘોષીત કરવામાં આવેલ છે આવી વસાહતોમાં ઉપ્લબ્ધ મિલકતોની ફાળવણી હરાજીથી કરવા અંગેની નીતિ અમલમાં છે. ઉપરાંત તમામ ઓદ્યોગિક વસાહતોમાં વાણિજય પ્લોટની મિલકતનો નિકાલ હરાજીથી જ કરવાની નીતિ છે. આવી મિલકતોની હરાજી સમયે નિગમના પરિપત્ર નં.જીઆઈડીસી/જમે(વિતરણ)/ઓએન્ડએમ/ સીઆઈઆર/પીઓએલ/૭૭/૨૧ તા.૧૯-૦૫-૨૦૧૦ થી પ્રવતમાન વિતરણ દરના ૧૨૫% સુધીની કિંમત પાયાની કિંમત તરીકે નકકી કરવાની સત્તા ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલકશ્રીને સુપત કરવામાં આવેલ.

તાજેતરમાં આ કિંમતે નિગમની જુદી જુદી વસાહતોમાં ઉપલબ્ધ મિલકતો હરાજીમાં મુકવામાં આવેલ. તેમા પાયાની કિંમત કરતા ઘણાંજ ઉચા ભાવ મળેલ અને અનુભવે પાયાની કિંમત વિતરણ દરના ૧૨૫% સુધી નકકી કરવાની જે નીતિમાં અમલમાં હતી તે અંગે ફેરવિચારણા કરવા સારૂ અને પાયાની કિંમત નકકી કરવા અંગેની નીતિ ઘડવા માટે નિગમની ૪૫૧ મી સભા સમક્ષ કાર્યસુચિ ક્રમાંક/૧૬/વિતરણ/૪૫૧ સાદર કરવામાં આવેલ. જેના ઠરાવ ક્રમાંક/૧૩૨/વિતરણ/૪૫૧/૨૦૧૦ મુજબ પાયાની કિંમત વિતરણ દરના ૧૨૫% સુધી નકકી કરવાની સત્તા ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલકશ્રી હસ્તક હતી તેમા સુધારો કરી સદર બાબતે મુખ્ય હિસાબી અધિકારી, જનરલ મેનેજર (વિતરણ) અને સબંધિત વિભાગીય પ્રબંધકની કમિટીએ ચકાસણી કરી જાહેર હરાજીમાં તળીયાની કિંમત કેટલી રાખવી તે અન્વયેની ભલામણ નિગમના ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલકશ્રીને કરવાની રહેશે. જેના અનુસંધાને નિગમની વસાહતોમાં આવેલ મિલકતોનો હરાજીથી નિકાલ કરવા માટે તળીયાની કિંમત નકકી કરવા માટેની સઘળી સત્તા નિગમના ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલકશ્રીને સોંપવામાં આવે છે. જેની સર્વે વિતરણ અધિકારીશ્રીઓએ નોંધ લેવી તથા આ સુચનાનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

આ પરિપત્ર મળ્યા અંગેની પહોંચ જનરલ મેનેજર(વિતરણ)ને નામજોગ મોકલી આપવાની રહેશે.

સહી/-
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક.

પ્રતિ,

- નિગમના તમામ વિતરણ અધિકારીશ્રીઓ તરફ.........

(પા છ ળ)